# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે વર્ષ 2026ના નાગરિક સન્માન સમારોહમાં 66 પદ્મ પુરસ્કારો એનાયત કરશે.**
2. **નવી દિલ્હીમાં આવતીકાલે ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠક યોજાશે**
3. **NEET પરીક્ષાના સંચાલનમાં વારંવાર થતી ભૂલો પર સર્વોચ્ચ અદાલતે ચિંતા વ્યક્ત કરી**
4. **યુધ્ધ અટકવાની આશા ધૂંધળી જણાતા ટ્રમ્પે તેના પ્રતિનિધિઓને ઇરાન સાથેના પ્રસ્તાવમાં કોઇ ઉતાવળ ન કરવા સૂચના આપી**
5. **વૈશ્વિક બજારોની સાથેસાથે ભારતીય શેરબજારમાં તેજી...**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PRESIDENT'S PADMA AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાનાર 2026 માટેના નાગરિક સન્માન સમારોહમાં 66 પદ્મ પુરસ્કારો પ્રદાન કરશે. ઉપરાષ્ટ્રપતિ સી.પી રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક મહાનુભવો ઉપસ્થિત રહેશે.
સાંભળીએ એક અહેવાલ....

(VC: PRACHI)

# QUAD - FOREIGN MINISTER

નવી દિલ્હીમાં આવતીકાલે ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠક યોજાશે. ઓસ્ટ્રેલિયા અને જાપાનના વિદેશ મંત્રી અને અમેરિકાના રાજ્ય સચિવ માર્કો રુબિયો આ બેઠકમાં ભાગ લેશે. વિદેશમંત્રી ડો. એસ. જયશંકર આ બેઠકની અધ્યક્ષતા કરશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, નેતાઓ પ્રાથમિકતા ક્ષેત્રોમાં QUAD સહયોગને આગળ વધારવા, ચાલુ પહેલો પર પ્રગતિની સમીક્ષા કરવા અને પરસ્પર ચિંતાના અન્ય આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

# SC-NEET

સર્વોચ્ચ અદાલતે આજે NEET પરીક્ષાના સંચાલનમાં વારંવાર થતી ભૂલો પર ચિંતા વ્યક્ત કરી છે.

ન્યાયાધીશ પીએસ નરસિંહા અને આલોક આરાધેની બેન્ચે મેડિકલ પ્રવેશ પરીક્ષાનું સંચાલન કરવા માટે ટેસ્ટિંગ એજન્સીને વધુ મજબૂત અને સ્વાયત્ત સંસ્થા સાથે બદલવાની માંગ કરતી અરજીઓ પર કેન્દ્ર, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) અને CBI પાસેથી જવાબ માંગ્યો.

અદાલતે NTA ને ગુરુવાર સુધીમાં એક સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો  છે જેમાં ગયા વર્ષે ISROના ભૂતપૂર્વ વડા કે રાધાકૃષ્ણનની આગેવાની હેઠળની સમિતિ દ્વારા એજન્સીની  કાર્યપદ્ધતિમાં ફેરફાર કરવા માટે કરવામાં આવેલી ભલામણોનું પાલન કરવાની વિગતો આપવામાં આવી હતી.

અરજીઓમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે વારંવાર પેપર લીક થવાથી 22 લાખથી વધુ વિદ્યાર્થીઓના અધિકારોને અસર થઈ છે. અરજીમાં ભવિષ્યની પરીક્ષાઓની દેખરેખ માટે સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશની આગેવાની હેઠળ ઉચ્ચ- દેખરેખ સમિતિની રચના કરવાની પણ માંગ કરવામાં આવી હતી. પેપર લીકના આરોપો બાદ આ મહિનાની 3 તારીખે લેવાયેલી NEET-UG પરીક્ષા રદ કરવામાં આવી હતી.

# FUEL PRICE HIKE

પેટ્રોલના ભાવમાં આજે પ્રતિ લિટર 2 રૂપિયા 61 પૈસાનો જ્યારે ડીઝલના ભાવમાં 2 રૂપિયા 71 પૈસાનો વધારો કરાયો છે. બે અઠવાડિયામાં આ ચોથો વધારો છે. આ સાથે, દિલ્હીમાં પેટ્રોલનો ભાવ 102 રૂપિયા 12 પૈસા પ્રતિ લિટર, જ્યારે ડીઝલનો ભાવ 95 રૂપિયા 20 પૈસા પ્રતિ લિટર થયો છે.

# REV. US-IRAN DEAL

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેમણે તેમના પ્રતિનિધિઓને ઈરાન સાથે કોઈપણ સોદામાં ઉતાવળ ન કરવા કહ્યું છે, ટ્રમ્પ વહીવટીતંત્રને 3 મહિનાથી ચાલતુ યુદ્ધ અટકવાની આશા ધુંધળી લાગે છે.

શ્રી ટ્રમ્પે વધુમાં કહ્યું કે તેમના વહીવટ હેઠળ ઈરાન સાથેના કોઈપણ ભવિષ્યના સોદામાં કોઈ નાણાકીય છૂટછાટોનો સમાવેશ થશે નહીં અને તે અમેરિકાના ભૂતપૂર્વ યુએસ પ્રમુખ બરાક ઓબામાના કાર્યકાળ દરમિયાન થયેલા કરારથી મૂળભૂત રીતે અલગ હશે. તેમણે ઓબામા યુગના ઈરાન પરમાણુ કરારની પણ ટીકા કરી હતી અને દાવો કર્યો હતો કે તેમનો પ્રસ્તાવિત કરાર તેહરાનને પરમાણુ શસ્ત્રો મેળવવાથી અટકાવશે અને આ કરાર ભૂતપૂર્વ યુએસ પ્રમુખ બરાક ઓબામા દ્વારા ઘડવામાં આવેલા કરારથી અલગ હશે.

યુએસ મીડિયા અનુસાર, ચર્ચા હેઠળના કરારમાં 60 દિવસના યુદ્ધવિરામનો વધારો, હોર્મુંઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાનો અને ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર વધુ વાટાઘાટોનો સમાવેશ થાય છે. જોકે પ્રસ્તાવિત કરારને કારણે  રિપબ્લિકનોમાં ભાગલા પડ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# HAJ PILGRIMAGE

વાર્ષિક પાંચ દિવસીય હજ યાત્રા આજથી શરૂ થઈ રહી છે. ભારત સહિત વિશ્વભરના મુસ્લિમ સમુદાયના 10 લાખ 60 હજારથી વધુ લોકો પવિત્ર શહેર મક્કાથી હજ યાત્રા શરૂ કરશે અને સાઉદી અરેબિયાના મિનામાં એકત્ર થશે. તેઓ મિનામાં રાત્રિ રોકાણ કરી આવતીકાલે પરોઢિયે હજ-નમાઝની મુખ્ય વિધિ માટે અરાફાતના મેદાન તરફ પ્રયાણ કરશે. આ વર્ષની હજ યાત્રામાં ભારતમાંથી લગભગ એક લાખ 75 હજાર હાજીઓ ભાગ લઈ રહ્યા છે.

# J&K-TRANSPORTATION

જમ્મુ કાશ્મીરની લાલ ચેરી મુંબઈના બજારમાં પહોંચશે. રેલ્વે મારફતે 966 બોક્સમાં આશરે 12 ટન ચેરી મુંબઈ લઈ જવાઈ છે. ચેરીની તાજગીને ધ્યાનમાં રાખીને, રેલ્વેએ ખાસ વ્યવસ્થા કરી છે. આ પાર્સલ વાહન ફક્ત 33 કલાકના રેકોર્ડ સમયમાં જમ્મુથી બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરે જણાવ્યું કે ચેરી ખૂબ જ નાજુક ફળ છે અને તેને થોડા કલાકોમાં બજારમાં પહોંચાડવી એ એક પડકાર છે. તેમણે વધુમાં કહ્યું કે રેલ્વે પાસે આ સિઝનમાં વેપારીઓની દરેક માંગને પૂર્ણ કરવા માટે પૂરતા પાર્સલ વાહનો અને પૂરતા સંસાધનો ઉપલબ્ધ છે.

# SHAH-RASH BIHARI BOSE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મહાન ક્રાંતિકારી રાસબિહારી બોઝની જન્મજયંતિ પર તેમને શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે કહ્યું, રાસબિહારી બોઝે તેમના અસાધારણ સંગઠનાત્મક કૌશલ્ય દ્વારા સ્વતંત્રતા સંગ્રામમાં નવી ઉર્જાનો સંચાર કર્યો હતો. ગૃહમંત્રીએ કહ્યું, શ્રી બોઝે 'આઝાદ હિંદ ફોજ' અને 'ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ' ની સ્થાપના કરી, અને ગદર ચળવળ દ્વારા, વિદેશી ધરતી પર પણ ભારતીયોને સંગઠિત કરી સ્વતંત્રતાની જ્યોતને અવિરતપણે પ્રજ્વલિત રાખી હતી.

શ્રી શાહે કહ્યું, રાષ્ટ્ર હંમેશા આદર સાથે રાસબિહારી બોઝની માતૃભૂમિ પ્રત્યેની અદમ્ય હિંમત અને સમર્પણને યાદ રાખશે.

# STOCKS-1200

છેલ્લા ત્રણ મહિનાથી ચાલતા ઇરાન અમેરિકા વચ્ચેના યુધ્ધને અટકાવવા માટે રજૂ થયેલા પ્રસ્તાવની ચર્ચાની સકારાત્મક અસરોને પગલે વૈશ્વિક બજારોની સાથેસાથે ભારતીય શેરબજારમાં પણ તેજીનો માહોલ સર્જાયો હતો. નવા સપ્તાહના આરંભે 800 અંકોના ઉછાળા સાથે કારોબાર કરી રહેલું શેરબજાર અત્યારે પણ 850 કરતાં વધુ અંકોના વધારા સાથે કારોબાર કરી રહ્યું છે. જ્યારે નિફ્ટીમાં પણ 240 અંકોનો વધારો જોવા મળી રહ્યો છે. મોટાભાગના ક્ષેત્રોમાં લેવાલી નિકળી હતી જને કારણે શેરબજારમા તેજીનો માહોલ સર્જાયો છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ અને પંજાબના કેટલાક વિસ્તારોમાં હિટવેવને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ દરિયાકાંઠાના વિસ્તારો , ઝારખંડ, ઓડિશા અને તેલંગાણાના કેટલાક સ્થળોએ પણ દિવસ દરમિયાન ગરમીનું મોજૂ ફરી વળવાની શક્યતા છે.

દરમિયાન આજે ઉત્તર-પૂર્વ ભારત, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, કેરળ, માહે, તમિલનાડુ અને પુડુચેરીના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો, જમ્મુ અને કાશ્મીર, આંદામાન અને નિકોબાર ટાપુઓ, આસામ, મેઘાલય, બિહાર, પૂર્વ ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને લક્ષદ્વીપના કેટલાક સ્થળોએ આજે વીજળી અને વાવાઝોડાની શક્યતા છે.

# PHILIPPINES-BUILDING

ફિલિપાઇન્સના એન્જલ્સ શહેરમાં એક ઇમારત ધરાશાઈ થતાં 4 લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. બચાવ દળ દ્વારા ગુમ થયેલા 17 લોકોની શોધ ચાલી રહી છે. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે કાટમાળમાંથી 26 લોકોને બચાવી લેવાય છે.  અહી ભારે વરસાદ અને પવન ફુંકાયા બાદ શનિવારે રાત્રે ઇમારત ધરાશાઈ થતાં આ દુર્ઘટના સર્જાઇ હતી.

# CALIFORNIA - GAS LEAK

અમેરિકામાં, દક્ષિણ કેલિફોર્નિયા એરોસ્પેસ સુવિધામાં પ્લાસ્ટિકના ભાગો બનાવવા માટે વપરાતા જોખમી રસાયણ ધરાવતી ટાંકી ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હોવાથી અધિકારીઓએ આ આપત્તિના ઉકેલ શોધવા માટે પ્રયાસો શરૂ કર્યા છે.સ્થાનિકોને સ્થળાંતરનો આદેશ આપવામાં આવ્યો હતો, જેના કારણે હજારો રહેવાસીઓ પ્રભાવિત થયા હતા.

GKN એરોસ્પેસ ખાતે સ્ટોરેજ ટાંકીમાં લગભગ 22,713 થી 26,498 લિટર મિથાઈલ મેથાક્રાયલેટ હતું, જે ગયા અઠવાડિયે વધુ ગરમ થઈ જતાં લિક થયું હતું.. અધિકારીઓઅ વિસ્ફોટની પણ  આશંકા વ્યક્ત કરી હતી..આ પદાર્થ લીક થવાને કારણે ફેફસાંને નુકસાન થવાની ભીંતિ છે.